વડીલોને વંદન અભિનંદન

દરજી નટુભાઈ કાળીદાસ
(૧૯૪૮) મો.૯૮૨૪૬૧૯૧૨૬

અડાલજની માણેકબા પી.ટી.સી. કોલેજનું બીજા વર્ષનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા એપ્રિલ-૨૦૧૫માં લેવાયેલ ડી.એલ.એડ. બીજા વર્ષનું રાજ્યનું પરિણામ જાહેર થયેલ છે. જેમાં ગાંધીનગર જિલ્લાની માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરે

પી.ટી.સી. બીજા વર્ષના ૧૦૦ ટકા પરિણામ મેળવેલ છે. ૧૩ પ્રશિક્ષણાર્થીઓ ૮૦ ટકા મેળવેલ છે. ૫૬ બહેનોએ વિશેષ યોગ્યતા હાંસલ કરી છે.

ગાંધીનગર જિલ્લામાં ટોપટેન સંસ્થાની ૧૦ વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું છે. પંડ્યા ધરતી ૮૬.૬૦ ટકા પ્રથમ, ઠાકોર નમ્રતા ૮૫ ટકા દ્વિતીય, માછી પારૂલ આર. ૮૪.૮૦ ટકા ત્રીજો, માછી ધર્મિષ્ઠા જે. ૮૩.૮૦ ટકા ચોથો, માછી મનિષા ૮૩ ટકા છઠ્ઠો, પ્રજાપતિ પ્રિયંકા ૮૦.૪૦ ટકા સાતમો, ખાંટ પારૂલ ૮૧.૭૦ ટકા આઠમો, પટેલિયા લક્ષ્મી ૮૧.૧૦ ટકા નવમો, મછાર કલ્પના કે. ૮૧ ટકા દશમો નંબર મેળવેલ છે. કોલેજની વિદ્યાર્થીનીઓને સમગ્ર રાજ્યમાં નામ ગુંજતું કરવા બદલ આચાર્યા સુરેખાબેન ચૌધરી અને અધ્યાપક ગણ અને સંચાલક મંડળે અભિનંદન પાઠવ્યા છે.

રાજ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે... વિશેષ શાળા-કૉલેજોમાં ભારે ઉત્સાહ વર્તાય છે... અમદાવાદની એસ.જી.વી.પી. સ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના લોગોના ફોર્મેશનમાં બાળકોએ યોગ કર્યા હતા...

ચોમાસુ મોડુ બેસશે પછી ધોધમાર વરસાદ વરસશે : અંબારામ પટેલ

તા. ૨૨મી જૂન પછી ચોમાસુ સક્રિય બનશે

જુલાઈના પ્રથમ સપ્તાહમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સહિત રાજ્યભરમાં નાગરિકો વરસાદના આગમનની રાહ જોઈ રહ્યાં છે ત્યારે જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલના મતે આ વર્ષે ચોમાસુ મોડુ બેસશે પરંતુ પછી ધોધમાર વરસશે. અંબારામ પટેલના મતે હમણાં રાજ્યના દરિયા કિનારે ઘણા ભાગોમાં ભારે વરસાદ થવામાં હતો અને સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વાવણીલાયક વરસાદ થવામાં હતો, જ્યારે ઉત્તર ગુજરાતના ભાગો હજુ વરસાદથી વંચિત રહ્યાં છે. ભૂ-ભૌગોલિક બાબતો, ગૃહો તેમજ અન્ય આધારે જોતાં ચોમાસાની ગતિવિધિના સંજોગો ઉજળા થયા હોવા છતાં રાજ્યના ભાગો તરફ આંચકાનો પવન વાતો જણાતો નથી. આંચકાનો પવન વાય તો ચોમાસુ વહન ખેંચી લાવે. વળી આંધી-પવન અને ગાજવીજના ચિહ્નો પણ જણાતા નથી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ છે પણ બહુ વધતુ જણાતુ નથી એટલે નિયમિત ચોમાસાની હજુ વાર છે.

જૂન તા. ૨૨ થી સૂર્ય આદ્રા નક્ષત્રમાં આવતા ભેજનું પ્રમાણ વધશે તેમજ પવનના જોરથી ચોમાસુ સક્રિય બનશે. જૂન તા. ૨૬ અને ૨૭ દરિયા કિનારે પવનનું જોર રહેશે. જૂન તા. ૨૯ સુધીમાં મોચાસુ સક્રિય બને. હાલમાં મુંબઈના કેટલાક ભાગોમાં ભારે વરસાદ છે, પરંતુ નીરનિરંતર ચોમાસુ મુંબઈ તેમજ મહારાષ્ટ્રમાં જૂન તા. ૨૭ થી ૩૦માં બેસી જાય અને ચોમાસુ ફરક્કાં લઈને મેઘસવારી આવી પહોંચે. ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં જૂન તા. ૨૦ થી ૨૧ વરસાદના સંજોગો રહે. જ્યારે મંથર ગતિનું ચોમાસુ જૂન તા. ૨૯થી સક્રિય થાય. દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં ચોમાસાની આગેકૂચ આગળ વધતી જણાય. જ્યારે ગુજરાતના કોઈ કોઈ ભાગોમાં વરસાદની વકી રહે.

જુલાઈ તા. ૩ થી ૭માં ઉત્તર મધ્ય ગુજરાત તેમજ ગુજરાતના ઘણા ભાગોમાં ચોમાસુ વરસાદ થવાની વકી રહે. આશ્લેષા નક્ષત્રનો શુક્ર સર્પોનો ઉપદ્રવ વધારે. દેશના પશ્ચિમ ક્ષેત્રે આગામી દિવસોમાં પારાવાર વરસાદ થવાની સંભાવના રહે. અધિક અષાઢ વદમાં અતિભારે વરસાદના યોગો રહે. આગામી સપ્તાહમાં દરિયામાં ઉંચા મોજાં ઉછળે, દરિયો તોફાની બને અને ચોમાસાની છડી પોકારે.

આવાસ ખાલી નહી કરવાના કિસ્સામાં સંસ્થાઓ સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે

૩૦ જૂન સુધીમાં આવાસ ખાલી નહી થાય તો નોટીસ આપી કાર્યવાહી કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમ તેમજ એરફોર્સના કર્મચારીઓને ફાળવવામાં આવેલા મકાનો ખાલી કરાવા દેવા સરકાર કક્ષાએથી નિર્ણય લેવાયો છે.ત્યારે આ આવાસો ખાલી કરાવવા તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.જયારે આગામી ૩૦ જૂન સુધીમાં મકાન ખાલી ન થાય તેવા કિસ્સામાં નોટીસ આપી કોર્ટ કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે જાળવણીના અભાવે મોટાભાગના સરકારી આવાસો ખંડેર હાલતમાં હોવાનું સ્પષ્ટ થયું છે.વિભાગ કક્ષાએથી આવાસોના મજબુતીકરણનું કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે.બીજીતરફ આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી છે.

આવા સંજોગોમાં આવાસોની માંગ વધતા કર્મચારીઓ મકાન માટે ધક્કા ખાવાનો વારો આવ્યો હોવાનું પણ સ્પષ્ટ થયું છે.

થોડા સમય અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસો ખાલી કરાવી દેવા નર્ણય લેવાયો હતો. જયારે આગામી ૩૦ જૂન સુધીમાં મકાનો ખાલી કરાવી દેવા વિભાગને પણ સૂચના આપી દેવાઈ છે. શહેરના સરકારી આવસો પૈકી ૭ હજાર જેટલા મકાનો બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે.જયારે અત્યાર સુધીમાં માત્ર ૧ હજાર જેટલા મકાનો જ ખાલી કરવામાં આવ્યા હોવાનું મનાય છે.ત્યારે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સંસ્થાઓના મકાનો ખાલી કરાવવાની ગતિવિધિ તેજ બનાવી દેવાઈ છે.

આગામી દિવસોમાં નિયત સમયમાં મકાનો ખાલી નહિ કરવામાં આવે તો તંત્ર દ્વારા નોટીસ આપી જવાબદાર સામે કોર્ટ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરનો શપથ વિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરનો ૩૭મો સપથવિધિ સમારોહ સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે યોજવામાં આવ્યો હતો. લાયન્સ ક્લબના નવિન હોદ્દેદારોની શપથવિધિ સાથે સાથે લાયોનેસ ક્લબ તથા લીયો ક્લબનો પણ શપથવિધિ સમારોહ યોજાયો હતો.

લાયન્સ ક્લબના પ્રમુખ પદે ડૉ. જયંતિભાઈ એસ. પ્રજાપતિ, સેક્રેટરી પદે ઉંમગ પંડ્યા, ટ્રેઝરર તરીકે શૈલેષ પટેલને પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન રાજીવ છાજેડે શપથ લેવડાવ્યા હતા. આ ઉપરાંત લાયોનેસ પ્રમુખ તરીકે વૈશાલીબેન જોષી, લાયોનેસ સેક્રેટરી તરીકે દક્ષાબેન જાદવ, લાયોનેસ ટ્રેઝરર તરીકે મિત્તલ રાણાએ શપથ લીધાં હતાં. લીયો પ્રમુખ તરીકે સંકેત ગોર, લીયો સેક્રેટરી પદે વિવેકસિંહ ચૌહાણ, લીયો ટ્રેઝરર તરીકે શ્રેણીક પ્રજાપતિ, ઉપપ્રમુખ તરીકે નિમેષ રાવલ, નયન મધુકર તથા

મોહનભાઈ પરમારની વરણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે અતિથિ વિશેષ પદે ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલાએ લાયન્સ ક્લબની સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિને બિરદાવીને લાયનવાદની પ્રસંશા કરી હતી અને પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગર્વનર હરેન્દ્રભાઈ શુકલએ આર્શીવચન પાઠવ્યા હતા. આ ઉપરાંત લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખશ્રી, લાયોનેસ તથા લીયો ક્લબના પૂર્વ પ્રમુખશ્રીઓ, આમંત્રિત મહાનુભાવો, ત્રણેય પાંખના સભાસદો, નગરના અન્ય અગ્રણી નાગરિકોએ ઉપસ્થિત રહીને નવા વરાયેલા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે લાયોનેસ ક્લબ દ્વારા ક્લબ ડીરેક્ટરની વિમોચન કરવામાં આવ્યું હતું.

રવિવાર-વર્ષનો લાંબો દિવસ

સોમવારથી ધીમે ધીમે દિવસ ટુંકો અને રાત્રી લાંબી થશે : સૂર્ય દક્ષિણ દિશા તરફ વળશે

ગાંધીનગર, તા. ૧૯

રવિવારે અભૂતપૂર્વ ખગોળિય ઘટના આકાર લેશે. રવિવારે એટલે કે ૨૧મી જૂનના રોજ ભારતવાસીઓ લાંબામાં લાંબો દિવસ અને ટુંકી રાતનો અનુભવ કરશે. લગભગ ૧૩ થી ૧૪ કલાક જેટલો દિવસ લાંબો થશે અને રાત ટુંકી રહેશે. સૂર્યનો કાંતિવૃત્ત અને આકાશી વિષવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદ બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૦મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. રવિવાર તા. ૨૧મી જૂન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે.

સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી હોય છે. તેના કારણે તા. ૨૧મી જૂને દિવસ લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૯ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૧ મિનિટ - અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ, સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ, થરાદમાં દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ, મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૪૭ મિનિટ સમયગાળામાં રહેશે.

તા. ૨૨મી જૂનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ-મિનિટના તફાવતથી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે.

૨૧મી જૂન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા-ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે.

પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. પૃથ્વીનું માથુ દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે.

તા. ૨૧મી જૂને લાંબામાં લાંબો દિવસ અને રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે.

'સંસ્કૃતિ' દ્વારા ફિલ્મ સંગીતની ચોપાટ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા આગામી તા. ૨૦મી જૂન ૨૦૧૫ને શનિવારના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે 'ફિલ્મી સંગીતની ચોપાટ'નો કાર્યક્રમ 'વો જબ યાદ આયે બહોત યાદ આયે' શીર્ષક તળે આયોજન કરવામાં આવેલ છે. સર્વ પ્રથમ સોલો ગીત ત્યાર બાદ ડયુએટ તે પછી ટ્રાયો (ત્રણ ગાયકો ગાય તે) અને છેલ્લે સમુહગીત રજુ થશે. એટલે દરેક પ્રકારના ૬ થી ૭ ગીતો શ્રોતાઓને માણવા સાંભળવા મળશે. હિન્દી ફિલ્મ સંગીતના કાર્યક્રમોમાં 'ટ્રાયો' પ્રકારના ગીતો ભાગેય જ સાંભળવા મળે છે જે આ કાર્યક્રમમાં સાંભળવા મળશે. ફિલ્મ સંગીતના આ નોખા-અનોખા કાર્યક્રમના પ્રારંભે 'હિન્દી ફિલ્મ અને ગીતો' શીર્ષક તળે એક મલ્ટી મીડિયા શો પણ પ્રસ્તુત થનાર છે.

આ સમગ્ર કાર્યક્રમ 'સુરીલી સાંજ' ભાવનગરના કલાકારો દ્વારા પ્રસ્તુત થશે. જેમાં સર્વશ્રી રાજેશ વૈષ્ણવ, દેવેન દવે, હારીત ધોળકીયા, હિરેન વૈષ્ણવ, સંજય ગોસળિયા, શ્રીમતી જૂઈ ભટ્ટ, કુ. સંગતી મહેતા અને સુરભી પરમાર પોતાનો કંઠ આપશે. જયારે કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ખ્યાતિ મહેતા કરશે.

સંસ્કૃતિ સંસ્થા દ્વારા ગાંધીનગર શહેર અને ગાંધીનગર જિલ્લાના તમામ કલાકારો અને કસબીઓ તથા કલા સંસ્થાઓના નામ, સરનામા અને ટેલીફોન નંબર સાથેની 'રાજધાનીના રતન' નામની એક સૂચિકા પ્રસ્તુત કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે તે અંગેના જરુરી ફોર્મ કાર્યક્રમના સ્થળેથી મેળવી તેમાં જણાવેલ સ્થળે પરત કરવા વિનંતી છે.

કાર્યક્રમ સંસ્કૃતિ સંસ્થાના સભ્યો માટે આયોજિત હોવાથી સર્વ સભ્યશ્રીઓને કાર્યક્રમ માણવા હાજર રહેવા આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ છે.

બનાસડેરી દ્વારા પશુઓ માટે મોબાઈલ કેઈન સેવાનો પ્રારંભ

બનાસકાંઠા જિલ્લામાં પશુ સારવારની ત્વરિત સેવાઓ પુરી પાડવા બનાસ ડેરીએ સ્પેશિયલ કેઈન સ્લીંગવાન બનાવી મોબાઈલ વાનને પશુપાલકોની સેવામાં આજે ડેરીના ચેરમેનના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બનાસ ડેરી પશુપાલકોને મહત્તમ ભાવ આપી તેમની પાસેથી દૂધ સંપાદન કરે છે અને તેમને સુસંગત સેવાઓ પુરી પાડવા માટે ૧૪૯ નિષ્ણાત પશુચિકિત્સકોની ટીમ રાત દિવસ કાર્યરત રહે છે અને જિલ્લાના ખૂણે ખૂણા સુધી પશુ સારવારની ત્વરિત સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે. પશુપાલકોના વિશ્વાસ સંપાદન થકી આજે બનાસ ડેરી સમગ્ર એશિયા ખંડમાં સૌથી મોટી ડેરી દતરીકે ઉભરી આવી છે. બનાસકાંઠા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વધુ પડતી ગરમીના કારણે અમુક પશુઓ તણાવગ્રસ્ત થઈને બેસી જાય છે અને ફરી ઉભા થઈ શકતા નથી. વળી, અપુરતા પશુપોષણ, મીનરલોની ખામી કે અકસ્માતને લીધે થતી ઈજાઓને લીધે પણ પશુ ઘણી વખત બેસી જાય છે.

શબ્દાવલી - ૫૭૬૫

૧		૨	■	૩	૪	૫	
	■	૬					■
૭	૮		■	૯		■	૧૦
■	૧૧				■	૧૨	
૧૩			■	■	૧૪		■
■		■	■	૧૫			૧૬
૧૭		૧૮	૧૯			■	
	■	૨૦			■	૨૧	

આડી ચાવી

૧. પ્રાઇવેટ, પર્સનલ (૩)
૩. ઝઘડાનું સ્વરુપ, ચડસાચડસી (૪)
૬. દૂધની એક બંગાળી વાનગી (૫)
૭. અમદાવાદની એક ટોકીઝ જેના પરથી વીજળીઘરના રોડનું નામ પણ... પડ્યું (૩)
૯. કયું નું સ્ત્રીલિંગ (૨)
૧૧. હેરાન કરવું (૪)
૧૨. હાથે કાંતેલા સુતરનું હાથે વણેલ કાપડ (૨)
૧૩. ચોળીની શીંગ જેવું એક શાક (૩)
૧૪. ખુબ વધારે (૨)
૧૫. ... સેલા વખણાય (૪)
૧૭. ઉત્પાદન કરતી કંપની... કંપની કહેવાય (૬)
૨૦. ખારેક... માંથી બને (૩)
૨૧. લુપ્ત થવું તે (૨)

ઊભી ચાવી

૧. ભરોસો, વિશ્વાસ (૩)
૨. કેદ પકડવું તે (૫)
૩. ચળકવું, ઝબકી જવું (૪)
૪. કાંડુ (હિન્દીમાં) (૩)
૫. અંદર (ગામઠી શબ્દ) (૨)
૮. સ્કૂલ છોડ્યાનું પ્રમાણપત્ર (૫)
૧૦. ગાદલી (૨)
૧૨. આપકી.. માટે, સ્વાગત(૩)
૧૪. દાડમ (૩)
૧૫. બેલ, ઘંટડી (૩)
૧૬. પ્રવાહી દવા (૩)
૧૭. ફરજ (૨)
૧૮. સો હજાર, લક્ષ (૨)
૧૯. જૂઇ શબ્દ ઊંધો (૨)

શબ્દાવલી ૫૭૬૪ના જવાબ

આડી ચાવી :- (૧) સમૃદ્ધ (૩) પુરોહિત (૬) રત (૭) સનદ (૮) વાક (૯) બરોડા (૧૧) વેણ (૧૨) તલવાર (૧૪) તર (૧૫) સુવિધા (૧૬) સ્કભાર (૨૦) ખેર (૨૧) રણુજા (૨૨) ઓવારણા

ઊભી ચાવી :- (૧) સરવાળો (૨) મૃતક (૩) પુનરોદ્ધાર (૪) રોદડા (૫) તરફેણ (૭) સબ (૧૦) ભાલ (૧૧) વેરવિખેર (૧૨) તરભાણું (૧૩) વાદી (૧૪) તસ્કર (૧૬) ધારણા (૧૮) રજા (૧૯) ગાઓ

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ઉપરોક્ત સંસ્થાના દશેલા કેટલ ફાર્મ ખાતે સંસ્થાની ગાયો અને વાછરડીઓ માટે નીચે જણાવ્યા પ્રમાણેની લીલા /સૂકા ઘાસની જથ્થાબંધના ભાવે જરૂરિયાત હોઈ, રસ ધરાવતી પાર્ટીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી કચેરી સમય દરમિયાન ઉપરોક્ત સ્થળે સીલબંધ કવરમાં તા. ૨૩/૬/૨૦૧૫ના ૧૭:૩૦ કલાક સુધીમાં આપના ભાવ / ઓફર મોકલી આપવા જણાવવામાં આવે છે.

સમય મર્યાદા બહાર આવેલા ભાવ / ઓફર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. આવેલ ભાવ / ઓફરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

૧.	જુવારના પૂળા (સુકું ઘાસ)
૨.	જુવારના પૂળા (લીલુ ઘાસ)
૩.	બાજરીના પૂળા
૪.	રજકો (લીલો)

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
રજી. નં. ભ-૨૦૨૫, તા. ૨૮/૧૦/૧૯૭૫
ટેલીફોન : ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

ચૂંટણી અંગેની જાહેરાત

મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની વર્ષ : ૨૦૧૪/૧૫ના અંતે ખાલી પડતી કુલ -૧૫ જગ્યાઓ માટે તા. ૧૨/૭/૨૦૧૫ને રવિવારના રોજ ચૂંટણી થનાર છે. આ ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ મંડળીની ઓફીસે મુકવામાં આવેલ છે જેની દરેક સભાસદે નોંધ લેવા નમ્ર વિનંતી છે.

મંડળીનો ઓફીસ સમય
સવારે ૮-૩૦ થી ૧૨-૦૦
સાંજે ૨-૦૦ થી ૫-૩૦

તા. ૧૯/૬/૨૦૧૫

સહી/-
(બી. આર. શર્મા)
ચૂંટણી અધિકારી

કામધેનુ યુનિવર્સિટી

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત યુનિવર્સિટી)
કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૬૫૭૨૬૬૬૮

પી.જી. હોસ્ટેલની સગવડતા પુરી પાડવા ઈચ્છુક પાર્ટીઓ જોગ

કામધેનુ યુનિવર્સિટીને ગાંધીનગર ખાતે આશરે ૭૦ વિદ્યાર્થીઓના રહેણાંકની, જમવાની વગેરે જેવી તમામ સુવિધાઓ ધરાવતી સ્વતંત્ર અને માત્ર કામધેનુ યુનિવર્સિટીના જ પી.જી.ના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની જરૂરીયાત છે. પી.જી. હોસ્ટેલની સગવડતા પૂરી પાડવા ઈચ્છુક પાર્ટી પાસે ઓછમાં ઓછા ૩૦ થી ૩૫ રૂમો વીથ એટેચ અથવા કોમન ટોઈલેટ, રીક્રિએશન રૂમ, કોમન કિચન વીથ ડાઈનીંગ હૉલ હોવો જરૂરી છે. રસ ધરાવતી પાર્ટીએ તેઓની દરખાસ્ત બંધ કવરમાં ઉપરોક્ત તમામ સગવડતાઓ માટે પ્રત્યેક પી.જી.ના વિદ્યાર્થી દીઠ કેટલો માસિક ચાર્જ લેવામાં આવશે તે દર્શાવી ઉપરોક્ત સરનામા ઉપર તા. ૪-૭-૨૦૧૫ સુધીમાં રજીસ્ટર પો.એ.ડી.થી મોકલી આપવી. અત્રેની કચેરી ખાતે મળેલી દરખાસ્તો તા. ૬/૭/૨૦૧૫ના રોજ ખોલવામાં આવશે. મળેલી તમામ દરખાસ્તોના સ્થળોની રૂબરૂ મુલાકાત બાદ જ આખરી નિર્ણય લેવામાં આવશે. પાર્ટીએ રજૂ કરેલ દરખાસ્ત મંજુર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

કુલસચિવ
કામધેનુ યુનિવર્સિટી

માહિતી/૭૦૮/૨૦૧૫-૧૬